અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારો સામે
અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- હસલ/૧૨૨૦૧૬/૭૦૦૩૧૪/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૦૭/૦૪/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૮/૧૧/૧૯૯૫ નો ઠરાવ ક્રઃ હસલ/૧૦૯૪/આઇ.૨૪/હસેલ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીની તા. ૧૪/૦૪/૨૦૧૬ અધિસૂચના ક્રમાંકઃ જીએસઆર. ૪૨૪(ઇ).
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૨૧/૧૧/૨૦૧૬ ના પત્ર ક્રઃ અજાક/છ-૧/૨૪૪/૨૦૧૬/૭૪૯૭-૯૮
(૪) આ વિભાગનો તા. ૨૯/૦૪/૨૦૧૫ ના ઠરાવ ક્રઃ હસલ/૧૦૨૦૧૪/૮૧૬૩૯૧/હ.

૭૨૬
૧૦/૭/૧૭

આમુખઃ-

અનુસૂચિત જાતિઓ / જનજાતિઓ સિવાયના ઇસમો દ્વારા થતા અત્યાચારના કિસ્સામાં જુદા જુદા પ્રકારના અત્યાચારો સામે વંચાણે લીધેલ ક્રઃ ૪ ના તા. ૨૯/૦૪/૨૦૧૫ ના ઠરાવથી જુદા જુદા દરે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

ઠરાવઃ-

તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારો અટકાવવાનો અધિનિયમ ૧૯૮૯ (૧૯૮૯નો ૩૩મો) ની કલમ-૨૩ પેટા કલમ-૧ થી મળેલ સત્તા અન્વયે વંચાણે લીધેલ ક્રઃ ૨ ઉપરની તા. ૧૪/૦૪/૨૦૧૬ ની અધિસૂચનાથી અત્યાચારો સામે અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રઃ ૨, ૩ અને ૪ ધ્યાને લઇ સક્રીય વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને વિગતવાર સહાયના નવા દરો એનેક્ષર-૧ મુજબ અમલમાં મુકવાનું ઠરાવે છે. તથા આ માટે સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં રૂ! ૭૦૮.૨૫ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન મંજૂર કરવાનું ઠરાવે છે.

શરતોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

સા.જિ.ક્રા.મા.છો.સાહેબ
ઠરાવ વેબસાઈટ પર મૂકવા.
ના.નિ.ક્રા. તથા સા.વ.અધિકારીઓ તથા
તકેદારી અધિકારીશ્રીઓને
અત્રે કાર્યવાહી સોંપવામાં.

૧૦/૭

૨૨
૧૨/૭

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમયમર્યાદામાં મેળવી લેવાની નિયામકશ્રીએ કાળજી રાખવાની રહેશે અને યોજનાના અમલ સંદર્ભે ભારત સરકારની મંજૂરી મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૫ મુખ્ય સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૮૦૦ અન્ય ખર્ચ સબ હેડ (૩) બીસીકે-૬૦ (કે.પુ.યો.) નાગરિક સેલ ખાતે ઉધારવું અને જે તે વર્ષે મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ: (એનેક્ષર-૧ મુજબ)

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.સર્વેમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર. (તાબા હેઠળની સંબંધીત કચેરીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ,જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકાશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ

નં.અજાક/છ-૧/૨૪૪/૨૦૧૭/૧૫૫૮ થી ૧૬૨૯
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક નં.૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
ફોન નં.- ૨૩૨૫૩૨૪૦ ફેકસ નં. ૨૩૨૫૩૨૪૪
તારીખઃ-૧૦ /૦૪/૨૦૧૭

પ્રતિ,

(૧) નાયબ નિયામકશ્રી (તકેદારી), અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, અમદાવાદ / રાજકોટ / વડોદરા
(૨) નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ... (તમામ)
(૩) સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) ..... (તમામ)
(૪) સંશોધન અધિકારીશ્રી, ન-૧ શાખા, વડી કચેરી, ગાંધીનગર

૨ /- ઠરાવ વેબસાઈટ પર મુકવા સારૂ.

નિયામક 10/04/17
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય,ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂઃ-
નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.